ભગિની સમાજ પત્રિકામાળા ૧૦૫

સ્ત્રીઓ અને તેમનું વાચન

*

લેખક
ગિજુભાઈ બધેકા

મૂલ્ય એક આનો

ભગિની સમાજ

સ્વ. ગોપાલ કૃષ્ણ ગોખલેના સ્મારક ચિન્હ તરીકે

તા. ૧૯-૨-૧૯૧૬ ને દિને સ્થાપવામાં આવ્યું.

હેતુ તથા નિયમો.

આ સંસ્થા "ભગિની સમાજ" ને નામે ઓળખાશે, અને ગુજરાતી ભાષા બોલનારી પ્રજામાં તેનું કાર્યક્ષેત્ર રહેશે.

હેતુ

સ્ત્રી જાતિની ઉન્નતિ થાય એવા પ્રયાસ કરવા અને સ્ત્રી જાતિની ઉન્નતિ માટે પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને યથાશક્તિ સહાયભૂત થવું.

સાધન

પત્રિકામાળા, પુસ્તકમાળા પ્રસિદ્ધ કરી તેનો ફેલાવો કરવો, વ્યાખ્યાનમાળાની જુદે જુદે સ્થળે ગોઠવણ કરવી. સ્ત્રી શિક્ષણ વગેરેને મદદ કરવી અને વધારવા, ભગિની ભાવથી સમાજ સેવા કરવી અને બીજાને તેમ કરવા ઉત્તેજન આપી અનુકૂળતા કરી આપવી.

સભાસદ

કોઇ પણ વ્યક્તિ, જે સ્ત્રીજાતિના ઉત્કર્ષ માટે પોતાના સમય, સાધન અને શક્તિનો સંગીન ઉપયોગ કરી ભગિની ભાવથી સમાજસેવા કરવા ઉત્સુક હશે તે કારોબારી મંડળની સંમતિથી, ભગિની સમાજનાં સહકાર, કાર્યવાહક, સહાયક યા શુભેચ્છક સભાસદ, અથવા શુભેચ્છક થઇ શકશે.

પ્રતિજ્ઞા

સ્ત્રી જાતિનાં ઉત્કર્ષ માટે ભગિની સમાજ તરફથી જે જે કાર્ય હાથ ધરવામાં આવશે તેમાં હું મારી શક્તિ અને સ્થિતિ પ્રમાણે તન-મન-ધનથી સંગીન મદદ કરીશ,તેમજ મારાં મિત્ર મંડળને તેમ કરવા સમજાવીશ.*

સ્ત્રીઓ અને તેમનું વાચન.

બીજા દેશો સાથે સરખાવતાં હિંદુસ્તાન છેક જ નિરક્ષર ગણાય. એમાં યે પુરુષો કરતાં સ્ત્રીઓ વધારે અશિક્ષિત છે. આંકડાની દ્રષ્ટિએ જે સ્ત્રીઓ શિક્ષિત વર્ગમાં આવી જાય તેમાંથી ઘણી તો બે ચાર ચોપડીનો જ અભ્યાસ કરીને ઉઠી ગએલી હોવાથી ને પાછળથી વાચનલેખનનો વ્યવસાય સાવ પડી ગયેલો હોવાથી અભણ વર્ગમાં જ મૂકી શકાય. 'ભણેલી' એવું વિશેષણ જે વર્ગને લગાડીએ તેમાંથી પણ ઘણી તો એવી નીકળશે કે જેમને જીવનવ્યવહારની ઘડ-મથલને લીધે જરા પણ પુરસદ ન મળતી હોવાથી વાચ-નકાર્યને લગભગ છોડી દેવું પડ્યું હોય અથવા જૂના જમાનાના સાસુસસરાના વાતાવરણમાં વસી વસીને અને આખો દહાડો ઘરનાં કામો ખેંચી ખેંચીને જેમને વાચનને વિસરી જવું પડ્યું હોય; અને તે એટલી હદ સુધી કે ઘણીવાર તેમને પોતાને પણ પીયરનો કાગળ બીજા પાસે વંચાવવા જવો પડે. એકંદરે આપણે ત્યાં–ગુજરાતમાં–વાંચનારી સ્ત્રીઓનું પ્રમાણ ઘણું જ થોડું છે. વાંચનારી સ્ત્રીઓના સામાન્ય રીતે આવા વર્ગો પાડી શકાય. (૧) ઘરકામથી પરવાર્યા પછી જેઓને થોડીક ફુરસદ રહેતી હોય અને જેઓ શેરીનાં બૈરાંઓ સાથે નિંદાપુરાણ વાંચવા સાંભળવા ન જતી હોય અથવા જેમનાથી ન જવાતું હોય. (૨) સ્વભાવથી

એકલશૂરી, કાં તો શેરી સાથે કજીયાળી, કાં તો શેરીથી ત્યજાએલી. (૩) નોકરચાકરો વિગેરે પુષ્કળ હોવાથી જેને ફુરસદ ગાળવાની જ ચિન્તા હોય તે. (૪) જેનું ઘર વાચનના વાતાવરણમાં જ રહેતું હોય, જેના પતિ, તેના મિત્રો વગેરેનું આજુબાજુનું વાતાવરણ વાચનપ્રેરક હોય તે. (૫) વાચનને એક શોભા રૂપ ગણીને દેખાવ ખાતર વાંચે તે. (૬) જેને વાચનનો નાદ લાગ્યો હોય તે. (૭) જે પોતાના જીવનમાં ઉપયોગી કામમાં જે જ્ઞાન જોઈતું હોય તે જ્ઞાન મેળવવા પૂરતુંજ વાંચતી હોય તે. (૮) જે જીવનની વાસ્તવિકતાને ભૂલી જવા વાચનના નિશામાં પડી રહેવા માગતી હોય તે. (૯) જે વાચનને પણ એક તંદુરસ્ત પ્રવૃત્તિ ગણીને જીવનના વિધવિધ પ્રશ્નો ઉપર પ્રકાશ લેવા, અવનવા દેશદેશાન્તરોના જીવનથી જ્ઞાત રહેવા, નવા આદર્શો, નવી જીવનઘટના. સમાજઘટના, રાષ્ટ્રઘટના વિગેરે જાણવા વાંચે તે.

[જેમ વાંચનારી સ્ત્રીઓના વર્ગો છે તેમજ વાચનની વસ્તુના પણ વર્ગો છે.] આપણે ત્યાં વાચનસામગ્રી હજી એટલી બધી વિપુલ નથી. વિવિધતામાં પણ દરિદ્રતા જ છે. વાચનયોગ્ય પુસ્તકાદિ પણ થોડાં છે. સ્ત્રી વાચકોની દૃષ્ટિથી આપણે વાચનવસ્તુના આવા ભાગો પાડી શકીએ. (૧) પાકશાસ્ત્રાદિ ગૃહજીવનમાં ઉપયોગી પુસ્તકો. (૨) ચરિત્ર ગ્રન્થો. (૩) ધર્મગ્રન્થો. (૪) સતીમંડળ, ભામિનીભૂષણ આદિ સ્ત્રીઓ માટે જ ખાસ લખાએલાં પુસ્તકો. (૫) સાહિત્યનાં પુસ્તકો. (૬) વર્તમાનપત્રો અને માસિકોનું સાહિત્ય.

સ્ત્રીઓમાં ભણતર આવ્યું તેની સાથે જ વાચનનો શોખ આવ્યો. તેમાં પ્રથમ તો ધર્મગ્રન્થોને સ્થાન મળ્યું. સ્ત્રીઓ એકન્દરે હિંદુ સંસારમાં પુરૂષો કરતાં વધારે ધર્મપ્રિય હોય છે. પૂજા, વ્રત, ઉત્સવાદિમાં તેમનો ફાળો વિશેષ હોય છે. કથાપુરાણ વગેરેને પણ સ્ત્રીઓએજ વધારે સન્માન આપી આજ દિન સૂધી એ સંસ્થાને ટકાવી છે. ટુંકમાં લોકધર્મને સ્ત્રીઓએ સારી રીતે સાચવ્યો છે. આજે 'છે' 'હતો' થતો જાય છે છતાં 'છે' પણ છે. એટલે 'છે' નોજ પ્રયોગ કરૂં છું. જેજે ધર્મના વિષયો પુરાણીની પોથીમાં રહેતા હતા તે તે છપાવા લાગ્યા ને સ્ત્રીઓએ તેમને વધાવ્યા. આમ સતીમંડળ, ગરૂડપુરાણ, ભાગવત, રામાયણ આદિ ગ્રન્થો સ્ત્રીઓમાં વંચાતા થયા. સારી રીતે વંચાયા. પુરૂષોએ પણ એ વાચનને મદદ આપી. ધીમે ધીમે પુરૂષો વધારે ભણ્યા, તેમની નજરે સ્ત્રીઓની અનેકવિધ નાની સંકુચિતતા પડી. તેમને સ્ત્રીઓના ઉદ્ધારનો રસ્તો 'વાચન' હાથ લાગ્યો હોય એમ લાગ્યું એટલે સ્ત્રીઓ માટે નવા ગ્રન્થો રચાયા. એમાં સ્ત્રીઓને નવી દિશામાં વાળવા પ્રયત્નો થયા. એની શૈલી સ્ત્રીઓને ગમે તેવી અને વસ્તુ હરહમેશ બનતું એવું છે. ભામિનીભૂષણના ગ્રન્થો આવા પ્રકારના ગણી શકાય. એ ગ્રન્થો બહુ વંચાયા. દરેક જુવાન ને દરેક પુરૂષ કે જેણે પોતાની અને પાડોશીની સ્ત્રીમાં ઘણી ઘણી કુટેવો વગેરે જોયાં તેણે આ ગ્રન્થો સ્ત્રીઓના હાથમાં મૂક્યા. સ્ત્રીઓએ તે વાંચી વાંચીને વિધિનિષેધો રચ્યા. પણ

આ ગ્રન્થો સુધારક વૃત્તિના પુરૂષોને ગમ્યા નહિ. એમાંથી એમણે સ્ત્રીઓને પતિપરાયણ, ગતાનુગતિક ધર્મપરાયણ થતી જોઈ. તેમાં બુદ્ધિની કસોટીએ ચડીને સ્થિર રહે તેવું સ્ત્રીઓની સમાનતાનું, સ્ત્રીઓની નવા આવતા સુધારાને ઝીલી લે તેવી માનસિક વૃત્તિ ઉભી કરે તેવું લખાણ ન હતું. છતાં તે બહુ વંચાયા. તેની કિંમત ઘણી અંકાઇ. આજ દિન સુધી સ્ત્રીઓ માટે એવું ખાસ વાચન ન હતું તેથી તેનો ફેલાવો પણ સારો થયો. ગામડામાં પણ જ્યાં ભણેલી સ્ત્રી હતી ત્યાં ત્રીશ વર્ષ પહેલાં તેના હાથમાં ભામિનીભૂષણ જોવામાં આવતું.

સ્વ. પઢીઆર ગામડાથી શહેર સુધીના સ્ત્રીજીવનના સુપરિચિત હતા. તેણે લખવાની નવી જ શૈલી કાઢીઃ સાદી, સરલ અને દાખલાથી ભરપૂર. સ્ત્રી સમાજનાં સઘળાં બળોને અને નિર્બળતાને તે જાણતા હતા. જૂનાના છેક વિરોધી ન હતા અને નવા પ્રકાશને તે આણવા માગતા હતા. તેણે સ્ત્રીઓના વાચનમાં નવું પૂર આણ્યું. 'સ્ત્રીઓનું સ્વર્ગ,' 'સંસારમાં સ્વર્ગ' વગેરે પુસ્તકોની ખપત ઝપાટાબંધ ચાલી. લગભગ વાંચનારી બધી સ્ત્રીઓના હાથમાં તે ગ્રન્થો આવી પડયા. એ ગ્રન્થો જીવનને આશા અને ઉત્સાહ આપે છે. જૂનામાંથી નવા માર્ગે લઇ જાય છે. ટુંકમાં સુખી જીવનનો માર્ગ ઉઘાડે છે. ભામિનીભૂષણાદિ ગ્રન્થો કરતાં આ ગ્રન્થો સ્ત્રી જનતામાં વધારે આદર પામ્યા.

[અત્યાર સુધી સ્ત્રીઓના વાચન માટે પુરૂષોએ જ ખટ-

પટ કરી છે. તેમણે જ આ બાબતમાં પોતાની જવાબદારી સમજી છે. પરિણામે સ્વાભાવિક રીતે જ પુરૂષોની દ્રષ્ટિથી અત્યાર સુધીનું સાહિત્ય પ્રકટ થયું છે. જ્યાં સુધી સ્ત્રી લેખકો પોતાની જાતિના દ્રષ્ટિબિન્દુથી લખશે નહિ ત્યાં સુધી આ પરિસ્થિતિ અનિવાર્ય અને ઇષ્ટ પણ છે.]

પુરૂષો ભણતા ગયા. અંગ્રેજી ભણતા ગયા તેમ તેમ તેમની સ્ત્રી વિષેની રૂઢ કલ્પના બદલવા લાગી. તેઓ સ્ત્રીનો પોતાના જીવનમાં પોતાની દ્રષ્ટિએ સહકાર માગવા લાગ્યા. સ્ત્રી પોતાના વિષયમાં રસ લે, સાથે હરે ફરે, એકલી પાઠપૂજામાં બેસી ન રહેતાં સમાજમાં આવે જાય, એ વગેરે તેમને ગમવા લાગ્યું. આ બધું કેમ ગમવા લાગ્યું ને તેનાં પાછળ ઉંડા વહનો કેવાં હતાં, તેમાં અહીં નહિ ઉતરી શકાય. ગમે તેમ પણ પુરૂષો વાચનદ્વારા પણ દિશા ફેરવવા પ્રયત્ન કરવા લાગ્યા. નવા આદર્શો ઘડવા તેમજ જૂનાને હસી કાઢવા અથવા ધક્કા મારવા આ વખતનાં પુસ્તકો રચાયાં. આ પુસ્તકોમાં એક બાજુથી સમાજજીવનનાં ઉંડાં દર્દોની વાતો છે, લગ્નજીવનની કડવાશ મીઠાશના પ્રસંગો છે, અંગ્રેજી 'ભણેલાઓની ગૃહજીવનમાં આશાનિરાશાનાં આછાં ઘેરાં ચિત્રો છે. આમાં પણ સ્ત્રીઓને અમુક માગે ચડાવવાનો પ્રયત્ન છે. બંધુ સમાજે આ દિશામાં ભારે મહેનત કરી.

પછી તો સ્રોત વિશાળ થઇ ગયું. વાચનનો પ્રદેશ

વધવા લાગ્યો અને આજે પુરૂષો અને સ્ત્રીઓના વાચનના પ્રદેશો ક્યાંક જુદા છે તો ક્યાંક ભેગા છે. છતાં ઘણોજ સેળભેળ થઇ ગયો છે. ગુણસુંદરી, સ્ત્રીબોધ, સુંદરીસુબોધ વિગેરે માસિકો સ્ત્રીઓ માટેજ ચાલે છે. છતાં જ્યાં ત્યાં 'નવચેતન', 'ગુજરાત', 'શારદા' અને 'સમાજ જીવન' સ્ત્રીઓનાં પ્રિય માસિકો થઇ પડયાં છે. છેલ્લા વખતમાં તો પહેલાના હિસાબે નવરંગી સાહિત્ય ઉભરાઇ પડયું છે. બંગાળી મરાઠી અને હિંદીમાંથી વાર્તાના સાહિત્યમાં મોટો ઉમેરો થયો છે. અહીનાં લેખકોએ પણ વાર્તાની ચોપડીઓ ઠીક ઠીક બહાર પાડી છે. અંગ્રેજી ભાષાન્તરો પણ આવી પડયાં છે. આમ વાંચનસામગ્રી વધી છે ને સ્ત્રીઓનો વાચનપ્રદેશ એકંદરે વિસ્તર્યો છે. વળી પુરૂષો વંચાવે તો જ વાંચે કે પુરૂષોની ખાતર વાંચનાર સ્ત્રીઓનો વર્ગ પણ ઉભો થયો છે. શુદ્ધ અને શિષ્ટ સાહિત્ય જેટલું જવાબદાર માણસોને હાથે લખાય છે તેટલું જ નકામું, બેજવાબદાર અને અણઘડ લેખકોને હાથે પણ લખાય છે. વળી પ્રાણવાન સાહિત્ય કરતાં નિષ્પ્રાણ, દારૂની જેમ ઉત્તેજક ને મૃગજળ જેમ ભ્રામક, સાહિત્ય પ્રગટ થાય છે. આજના સમાજના વિચાર, રહેણી કરણી વગેરે જેટલાં મિશ્ર છે તેટલું જ આજનું સાહિત્ય મિશ્ર કે રંગ બેરંગી છે. આ વખતે સ્ત્રીઓએ શું વાંચવું જોઇએ તેનો વિચાર કરવો પડે છે; પણ સ્ત્રીઓ માટેજ આ વિચાર કરવો જોઇએ એમ પુરૂષો માટે પણ એ વિચાર એટલો જ કામનો

છે; પરન્તુ આપણે તો આજના વિષયને અવલંબ-વાનું છે.

વાચન એક અનુભવ છે. પ્રત્યેક અનુભવ જેમ માણસની કંઈ ને કંઈ લાગણી હલાવે છે તેમ વાચન પણ કરે છે. કોઇ વાચન મનુષ્યના જીવનને એક રીતે હલાવે છે તો કોઇ બીજી રીતે. કોઇ વાચન તેને ચડાવે છે તો કોઇ તેને પાડે છે. કોઇ વાચન ઉત્સાહ આપે છે તો કોઇ વળી તેને નિરૂત્સાહ બનાવે છે. વાચનથી માણસ વાસ્તવિકતાને ભૂલીને તરંગી જીવન જીવતો થાય છે તો કોઇ તેના વડે પળે પળે જીવનને પાકી ઈંટે ચણે છે. આમ વાચન મનુષ્યને અનેક રીતે સ્પર્શે છે. વ્યક્તિ પરત્વે એકજ વાચનની અસર પણ જુદી થાય છે. વળી એક જ પ્રકારનું વાચન અધિકારભેદે ઓછું ઉપયોગી, વધારે ઉપયોગી કે નકામું અથવા અવળે માર્ગે લઇ જનારૂં પણ બને છે. પ્રત્યેક વાચક પોતાના વાચનની પસંદગી પોતાને કારણે કરે છે અને પોતાની અંદરની વૃત્તિઓને ષવા કે નિરોધવા તે વાંચે છે.

વાચન એક બળવાન વાતાવરણ પણ છે. સુવાચનની એક અસર છે અને કુવાચનની બીજી અસર છે. વાચનને આપણે બેય સાથે સરખાવી શકીએ. ઉતેજકથી માંડીને અત્યન્ત સૌમ્ય પ્રકાર સૂધીનું વાચન હોઇ શકે. આપણો અનુભવ ચોખ્ખો છે. આપણે જાણીએ છીએ કે જાતજાતનું

વાચન આપણા ઉપર કેવી અસર કરે છે. અમુક નવલકથા વાંચ્યા પછી આપણી વૃત્તિ અમુક દિશામાં દોડે છે; અમુક બળવાન લેખ વાંચ્યા પછી આપણે આદર્શની દુનિયામાં ઘણો વખત રહીએ છીએ; અમુક રોગી વાચનના પરિણામે થોડો વખત કે લાંબો વખત આપણા માનસમાં વિકૃતિ ઉભી થાય છે. કોઇ વ્યક્તિને સુવાચનથી કેવળ વંચિત રાખી નિર્બળતાપ્રેરક વાચનથી જ સિંચીએ તો તેના ઉપર ઘણીજ માઠી અસર થવાની. આપણા માનસ ઉપર વાચનના સંસ્કારો પડેજ છે. એ સંસ્કારો કોઇવાર ઉંડા જાય છે તો કોઇવાર ઉપલક રહી ભૂંસાય છે. હરેક વાચન, જેમ આપણને વાતાવરણ સ્પર્શે છે તેમ સ્પર્શ્યા વિના નથી રહેતું. કોઇ વાચન આપણને કેટલું ઉંડું સ્પર્શશે અને કેટલું નહિ તેનું કારણ વાચનની વસ્તુમાં છે તેના કરતાં આપણા અન્તરમાં છે. છતાં વાચન એક વાતાવરણ છે. દુર્ગંધમાંથી સુગંધમાં જતાં જેમ દુર્ગંધમાંથી મુક્ત થઇએ છીએ—જો કે તેનો થોડો એક પાસ તો બેસે છે—તેમ એક વાચનમાંથી બીજા વાંચનમાં જતાં બને છે. છતાં વાચન કોઇને ઘડવા કે તોડવા સર્વથા સમર્થ નથી. એ તો એક પોષક કે વિરોધક વસ્તુ છે. વાચન બહારની વસ્તુ છે. વાંચનાર અંદર છે અંદર રહેલને વિકસવા વાચન મદદ કરી શકે. તેના વિકાસમાં રૂકાવટ પણ કરી શકે. પણ અંદરના માણસને તે ઘડી ન શકે. વાચનની પસંદગી કરવાની મનુષ્યને છૂટ હોય,

મનુષ્ય પોતે પોતાની રૂચિ સમજવા જેટલો કેળવાયેલો હોય, પસંદગી માટે પુષ્કળ તંદુરસ્ત સાહિત્ય હોય ને ખરાબ કે હલકું સાહિત્ય દૂર હોય તો મનુષ્ય વાચનનો પોતાની પ્રગતિમાં સારો લાભ ઉઠાવી શકે. ખરાબ વાચનથી મનુષ્ય બગડે છે તેનો અર્થ એ છે કે ખરાબ વાચન સારા મનુષ્ય ઉપર ખરાબીનું પડ નાખે છે. તેની આસપાસ પ્રગતિ વિરોધક કિલ્લો રચે છે, અને તેને રોકી રાખે છે.

આમ વાચનની બે કિંમત છે તે માન્ય રાખીને જ આપણે આજના આ વિષયનો વિચાર કરીએ છીએ. બીજું વાચન સાહિત્ય અને વાંચનારાઓની રૂચિ ઉપરથી તે સાહિત્ય પેદા કરનાર અને વાંચનારાઓની માનસિક દશા જોઇ શકાય છે. આજે જેને અંગ્રેજીમાં 'Light literature' ક્ષુલ્લક સાહિત્ય કહે છે તેવું સાહિત્ય કંઈક વધારે લખાય છે અને વંચાય છે. કવિતાઓ જુઓ કે વાર્તાઓ જુઓ, નાટકો જુઓ કે નવલકથાઓ જુઓ, તો જણાશે કે એમાં ઘણું તો છુરછુરીયું લખાણ છે. જરા ઉંડા ઉતરીને જોઇશું તો તેમાં માંદગી જણાશે. આજનાં લખાણોમાં વાચકને ઉંચો ચઢાવવાનાં તત્ત્વો કરતાં નીચા પાડવાનાં લક્ષણો વધારે છે. એમાં પ્રેમની પ્રખરતા કરતાં કામની નિર્બળતા છે, કાવ્ય અને કલાના રસાસ્વાદ કરતાં ઉપભોગ છે, સાહસ શૌર્ય, તેજસ્વિતા કરતાં વિલાસ, રંગીલાપણું, અને પોચાઇ છે, વાર્તાનો શ્રૃંગાર સાવ ફિક્કો છે, કવિતાનો પ્રેમ આજના ફેશનેબલ કપડાંના રંગ જેટલો જ ઘડીકમાં

ઉડતો છે. ગૃહસ્થ જીવનના આદર્શોમાં ઉંડી ઉંડી દુર્બળતા છે. છતાં અપવાદો છે જ અને તેથી અન્ય સાહિત્ય નિર્બળ સાહિત્ય તરીકે તરી આવે છે. પણ અહીં સાહિત્યની સમાલોચના કરવાનો અવકાશ નથી. સ્ત્રીઓના વાચન વિષે જ્યારે વિચાર કરવા બેઠા ત્યારે આટલું તો સહજ આવી જાય છે.

સ્ત્રીઓ, અને ખાસ કરીને શહેરની સ્ત્રીઓ જ્યારે પોતાનો વખત ગાળવા આવી જાતના વાચનની જાળમાં આવી જાય છે ત્યારે તે પોતાની જાતને ભારે નુકશાન કરી બેસે છે. વાચન ઉત્તેજક હોઇ દિનપ્રતિદિન તે આવા જ વાચન પાછળ દોડે છે ને તેમાંથી જીવનને માંદુ કે દુઃખી બનાવી નાખે તેવી કલ્પના લઇ વાસ્તવિક કરવા વ્યર્થ પ્રયત્ન કરી દુઃખી બને છે. ઘણીવાર અનેક ઘટનાઓને લેખકે એકજ સ્થળે અને કાળે ગોઠવી હોય છે. લેખકે જીવનની સફળતાના કે નિષ્ફળતાના કેવળ કલ્પિત નહિ તો અપવાદના જ દાખલા મૂકયા હોય છે, પણ અવિચારી વાચક વર્ગ તેના વાચનને પરિણામે કાં તો અત્યન્ત સંતોષી અથવા અસંતોષી થઇ જીવનને બગાડે છે. નવલકથાના પાત્રો જેવું જીવન શોધવા નીકળનારાઓનાં જીવનો આખરે કયાંઇ વેરણછેરણ થઈ અફળ જાય છે. કેટલાંએક મૂર્ખ નરનારીઓ કાવ્યોનાં કે વાર્તાનાં પાત્રો પોતે જ છે એમ સમજી પોતાના પર એ જીવનનો ભયંકર પ્રયોગ આદરે છે. તો કેટલાંએક સ્ત્રીપુરૂષો એવાં પાત્રો બનવાનો અખતરો કરવા નીકળે છે. નવલકથામાંથી પતિની

કે પત્નીની કલ્પના પોષીને વાસ્તવિક પતિપત્ની પોતાનું જીવન ચલવી શકતાં નથી. બંધાણી સ્રીવર્ગ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. આ વર્ગનું વાચન સહેતુક કે અહેતુક એમ કશું હોતું નથી. વાંચવાની એક લત લાગી હોય છે. શોખ નહિ પણ ઘેલછા હોય છે; ઉંડી જરૂર નહિ પણ ઉપજાવેલી ટેવ હોય છે. આ સ્રીઓનું વાચન અમુક જ હોય છે એમ નથી. આજે એના હાથમાં છાપું હશે તો કાલે નવલકથા તો પરમ દિવસે કોઈ ધર્મગ્રન્થ: બંધાણ તરિકે કંઈક જોઇએ. વાંચનનું બંધાણ સારૂં છે અને નઠારૂં છે. હેતુ વાળું બંધાણ કામનું છે જ્યારે બીજું નથી. ફેશન તરિકે વાચનના વર્ગ પણ છે. કેટલીએક સ્રીઓ જીવનથી કંટાળીને વાચન કર્યા કરે છે. એ એક પ્રકારનો નિશો છે. એમાંથી તેમને ફાયદો થવાને બદલે હાનિ થાય છે. જીવનને વાસ્તવિકતામાં જોઇને તેને બરાબર પકડીને સુંદર કરવાની જેનામાં નિર્બળતા છે અથવા કોઇ પણ કારણથી જે સ્રીઓ જીવનમાં હતાશ થઇ ગઇ છે તેઓ આ માર્ગે જાય છે.

ઉપર વર્ણવેલી બેત્રણ જાતની સ્રીઓને વાચન લાભ દેતું નથી મગજને ઉશ્કેરે છે. વાચન ઠરતું નથી પણ કાણી બરણીમાંથી પાણી જેમ ચાલ્યું જાય છે તેમ ચાલ્યું જાય છે. સમયનો વ્યય, ધનનો વ્યય અને શ્રમ, આટલાં વાનાં તેમને હાંસલ રૂપ મળે છે. આવી જાતના વાચનથી સ્ત્રીઓ શું પુરૂષો પણ દૂર જ રહે એ ઇષ્ટ છે.

સ્રીઓથી અમુક જ સાહિત્ય વંચાય અને અમુક ન

વંચાય એવો નિયમ બાંધી ન શકાય. ઉલટું સ્ત્રીઓનું વાંચન એકદેશીય નજ જોઇએ. સ્ત્રીઓ તેમના જીવનને વિશેષપણે જરૂરી એવું સાહિત્ય જરૂર વાંચેજ પણ તેથી આગળ વધીને તેમણે સામાન્ય સાહિત્ય વાંચવું જોઇએ. ગામડાંની અને શહેરની, વધારે ભણેલી અને થોડું ભણેલી એવી સ્ત્રીઓના વાચન વિષે આગળ ઉપર કહેવાનું રાખી અહીં તો એટલું કહી શકાય કે સ્ત્રીએ પણ છાપાનું, માસિકનું અને બીજું કાવ્ય, કલા વગેરેનું ઉચ્ચ સાહિત્ય વાંચવું જોઇએ. આ વાચન નિરોગી જોઇએ. નિરોગીરોગી વાચન વિષે એક સ્વતંત્ર લેખજ લખવો પડે તેથી અહીં તો તેનો ઉલ્લેખ કરીનેજ આગળ વધીએ. વાચન નિરોગી જોઇએ તેની સાથે સામયિક પણ જોઇએ. સામયિક વાચન વાંચવામાં ચિરકાલીન મૂલ્યનું સાહિત્ય રહી જવું ન જોઇએ. તાત્વિક વાચનના ભોગે એકલું વ્યવહારિક વાચન જીવનને વેપારી બનાવી મૂકે તો એકલું તાત્વિક વાચન આપણને હવાઇ ન બનાવી મૂકે તે પણ જોવાનું છે.

જીવન ટુંકું છે, વ્યવસાય ઘણો છે ને તેમાં વાચનનો સમય વાચનસામગ્રીની સામે નજર કરતાં થોડો છે. માટે પંસદ કરી કરીને વાંચવું જોઈએ. ઘણીવાર આપણે ઘણું વાચ્યું છે એમ કહી શકીએ છીએ. છતાં વાંચવા જેવું બધું રહી ગયું હોય છે એમ લાગે છે. એનું એક કારણ એ છે કે આપણા હાથમાં વાંચવા યોગ્ય વસ્તુ વખતસર પડતું નથી. વાચનની ભૂખ મટાડવા આપણે આમ તેમ

ફરીએ છીએ ને તેમ કરતાં ગમે તે વાચન ચાલતી ફેશન પ્રમાણેનું કે લોકરૂચિનું હાથ પડી જાય છે. વાચનની પસંદગી સરલ થાય એટલા માટે સારાસારા ગ્રન્થોની યાદી બહાર પડે છે તે ધ્યાનમાં રાખવું જોઇએ; તેમાંથી પણ પોતાને કયો વિષય જરૂરનો અને મનગમતો છે તે જોઇ તેનું વધારે વાચન કરવું. વાચનમાં સર્વદેશી થવું જરૂરનું છે- પણ આપણી વિશેષતાને વાચનદ્વારા પોષવાનું કદીપણ ભૂલવું નહિ. અમુક ગ્રન્થો કિંમતી ગણાય છે માટે આપણે વાંચવાજ જોઇએ એમ નથી. વાંચનારની શક્તિ ઉત્સાહ, અનુભવ અને રૂચિ, એ વસ્તુને વાંચનાર પોતેજ વિચારે. ઘણીવાર કંઇ પણ ન સમજાય છતાં લોકો ઊંચા ગ્રન્થો વાંચે છે. કારણ કે તે વાંચવા યોગ્ય લેખાય છે. વાચનની જાત ઉચ્ચ જોઇએજ પણ તેથી એમ નથી કે અમુક ઉચ્ચ કે સંસ્કારી ગણાતા વર્ગની સ્ત્રીઓથી અમુક વાચન ન જ વંચાય. ધાર્મિક વાચન અને વાર્તાના વાચનને વિરોધ નજ હોય. પ્રેમજીવનના પાઠો વાળા વાચનને અને યોગશાસ્ત્રના વાચનને તકરાર નજ હોય. જીવનમાં જે સુંદર વસ્તુઓને સ્થાન છે તે બધીને લગતું વાચન માન્યજ હોય. ધર્મની કે એવી બાબતોને લીધે વાચનમાં અસ્પૃશ્યતા ઉભી ન થવી જોઇએ. તેમ વાચનમાં નાગરિકત્વના હક્કો પણ ચાલે. વાંચન સૌનું છે ને સૌ કોઈ કરી શકે છે. પસંદગીની સાથે પ્રત્યેક મનુષ્યને કોઇને કોઇ ગ્રન્થ કે લેખક પ્રિય કે આદર્શ રૂપ હોય તો સારૂં. એમાં વિશેષ તો

રૂચિનો પ્રશ્ન છે. છતાં એ વાત સારી છે. એમ કરવાથી આપણે એને વધારે સમજવા પ્રયત્ન કરીએ છીએ. તેમાં વધારે ઉંડા ઉતરીએ છીએ અને જીવનને વધારે પોષીએ છીએ. થોડું પણ સુંદર અને લાંબો વખત એની હુંફ રહે એવું વાચન વાંચવું લાભદાયક છે. ઉલટું હમેશ કેટલુંયે વાંચી જવું ને ત્યાં ને ત્યાંજ છોડી દેવું એમાં કશું મળતું નથી. વાચનમાં વિશાળતાની સાથે ઉંડાઇ પણ જોઇએ. એકાદ ઉત્તમ ગ્રંથનું વારંવારનું મનન ઘણું કિંમતી છે. આ બધા વિચારો પુરૂષ વાંચકો તેમજ સ્ત્રી વાચકો બન્નેને સરખા જ લાગુ પડે છે.

હવે આપણે સ્ત્રીઓની અવસ્થાને લક્ષમાં રાખી તેમના વાચનનો વિચાર કરીએ. આજના વિષયમાં શાળામાં ભણતી કન્યાઓના વાચનના પ્રશ્નને સમાવીને ચાલું છું. શાળામાં પ્રમુખતઃ વાચન શિક્ષણનો સવાલ છે, વાચનનો નથી; છતાં વાચનની બાબતમાં શાળા અને ઘર બન્નેને વિચારવાનું છે. છેક નાની ઉમ્મરની કન્યાઓને માટે બાલવાર્તાઓ, બાલરમતો, ઉખાણાં, બાલકાવ્યો વગેરેનું વાચન ઉપકારક છે. કન્યા મોટી થતી જાય તેમ તેમ તેનું તેનું વાચન વધતું જવું જોઇએ. રામાયણ મહાભારતનું વાચન દશ વર્ષની ઉમ્મરે થાય તો સારૂં. એ ઉમ્મરે એમને એમાં રસ પડવાનો. દશથી પંદર વર્ષની ઉમ્મરની બાળાઓ ઐતિહાસિક વાતો વાંચે, પ્રવાસોના વાચનમાં ખાસ રસ લઇ શકે, લોકવાર્તાઓ અને દેશદેશના લોકની વાતો તેને ગમશેજ. તેઓ હવે જીવનની

શરૂઆતના બારણા આગળ આવીને ઉભા છે માટે ઘણું વાંચી લેવું જોઇએ એવો આગ્રહ રાખવા કરતાં તેમનો વાચનનો શોખ વધારવા માટે કાળજી રાખવી. જીવનની તૈયારી:રૂપે તેમને બાલઉછેર, ગૃહવિજ્ઞાન, કે એવી જાતનું વાચન વંચાવવા કરતાં બાળકો અને ગૃહની ભાવનાનું વાચન હાથમાં આપવું. લગ્નાવસ્થા પહેલાં કન્યાઓના હાથમાં કેવી જાતનું વાચન આવે છે તે માટે હરેક માબાપ ધ્યાન રાખે. એકલી નવલકથાનું વાચન હિતાવહ ન નીવડે. પવિત્ર અને ઉત્કૃષ્ટ પ્રેમનું વાચન જેટલું આવશ્યક છે તેટલુંજ છતાં જીવનની કટોકટીના ચિત્રોનું વાચન પણ આવશ્યક છે. ઢીંગલીને સ્ત્રી બતાવવાનો પ્રયત્ન કરતા નથી તેમ કન્યાઓ કે જેઓ ગૃહસ્થ જીવનમાં સમજી જ ન શકે તેમને ગૃહસ્થ જીવનનો પાઠ આપવા જેવું વાચન વંચાવવુ નહિ. કન્યાઓના હાથમાં ગમે તે વાચન ન આવે તે માટે જે પ્રકારની કાળજી લેવામાં આવે તેજ એવી ન હોય કે અયોગ્ય એવું જ વાચન તેમના હાથમાં આવે. મોટી ઉમ્મરની કન્યાઓને જ્યાં આપણે કેટલીએક વાતો નથી કહી શકતા ત્યાં તેમને તેવા અગત્યના વિષય ઉપર દોરી શકે તેવું ચોખ્ખું શાસ્ત્રીય વાંચન આપવું. અંગ્રેજીમાં આવાં પુસ્તકો છે–" what a young girl ought to know." વગેરે.

ઘણી શાળાઓ અને ઘરમાં એવું જોવામાં આવે છે કે કન્યાઓને ધર્મનું વાચનમનન વધારે કરાવવામાં આવે છે.

વ્યવહારિક જીવનને લગતાં વાચનથી ઇરાદાપૂર્વક દૂર રાખવામાં આવે છે. આમાં ભલ લાગે છે. જીવન એકલો ધર્મનો વિષય નથી. ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આ બધી બાબતો મનુષ્યે સાધવાની છે. એ માટેની તૈયારી રૂપે કન્યાવસ્થામાં ચારે બાબત ઉપર જેટલું યોગ્ય લાગે તેટલું વાચન આપવું.

પરિચિત સ્ત્રીઓના વાચનની વિવિધતા હોઇ શકે. પાકશાસ્ત્રથી માંડીને માનસશાસ્ત્ર અને રાજકારણથી માંડીને ધર્મશાસ્ત્ર સુધીની બધી બાબતો તેના વાચનના વિષયો છે. આજની પરિણીત સ્ત્રીઓ જીવનના કેટલાએ અગત્યના પ્રદેશોમાં છે, અજ્ઞાત છે, તેથી તેઓ ઘરમાં પોતાનો ફાળો બરાબર આપી શકતી નથી. જ્ઞાન અને મઝા બન્ને માટે વાચન વધારવું જોઇએ. ગૃહની અનેકવિધ ફરજો વટાવવા અને ઘરને સ્વર્ગસમ સુંદર કરવા, પ્રેમનું પવિત્ર ક્ષેત્ર રચવા, મનુજવાડીનાં બાલવૃક્ષોને ઉછેરવા, તેને કેટકેટલા જ્ઞાનની, રસિકતાની, વિશાળ દ્રષ્ટિની જરૂર છે. માટે સ્ત્રીએ અનુકૂળ વાચન કરવું જોઇએ.

સંકુચિત વાચનને છોડી એને વિશાળ કરીએ. વિધવાએ અમુકજ વેદાન્તના ગ્રન્થોની બહાર ન જવાય એ અંધીમાંથી તેમને બચાવીએ, તેમને પણ જીવન છે, કલાનું, વિજ્ઞાનનું વગેરેનું વાચન તેમને પણ ઉપયોગી છે એમ જણાવીએ અને તેવીજ રીતે ગૃહસ્થ સ્ત્રીઓને પણ કેવળ ગૃહસ્થાશ્રમનેજ ઉપયોગી એવા વાચનમાંથી બહાર કાઢીએ.

કાર્યપદ્ધતિ અને કાર્યક્ષેત્ર

જે મહાન વ્યક્તિ સ્વ. **ગોપાલ કૃષ્ણ ગોખલેના સ્મારક તરીકે આ સંસ્થા સ્થપાઈ છે** તેનું જીવન-તેની કાર્યપદ્ધતિ આપણને હરકોઇ સંજોગોમાં ધર્મમાર્ગેજ, નિર્મળ સાધનો દ્વારાજ આપણા ધ્યેયને પહોંચવાનો પ્રયાસ કરવા કહે છે. અને તેજ પદ્ધતિને અનુસરવાનો અમારા સમાજનો નિશ્ચય છે.

ગરીબ વર્ગમાં ફરી જ્યાં અન્નવસ્ત્રના સાંસા હોય ત્યાં રેંટીયો અગર બીજો ઉદ્યોગ દાખલ કરી, ભુખમરો ટાળી, તેમને **સ્વાશ્રયી** બનાવવાં.

જ્યાં જ્યાં ગલીચ ગંદકી હોય, રોગગ્રસ્ત સ્ત્રી બાળકો હોય, પતિત દશા હોય ત્યાં **તેમને સંયમનાં, સ્વચ્છતાનાં, આરોગ્યનાં** અને **વિશુદ્ધ જીવન ગાળવાનાં સાધનો** કરી આપી, તેમને તેમની સ્થિતિનું રહેણી કરણીનું ભાન કરાવવું.

જ્યાં જ્યાં જ્ઞાન પ્રચારની-આવશ્યકતા-અભિલાષા હોય ત્યાં જ્ઞાન પ્રચારાર્થે જરૂરી સાધનો પુરાં પાડવાં અને **પોતે** તે માટે પ્રયાસ કરવો.

આ કાર્યો કરવા માટે પ્રથમ **જીવન શુદ્ધિ, જીવન વિકાસ, ભગિની ભાવ** અને **વિચાર-વિનિમયની** જરૂર છે, કે **કયાંએ કૃત્રિમતા ન પેસી જાય.**

વાંચનાર પ્રત્યે પ્રાર્થના.

પોતાના લાભને ખાતર અથવા તો માન અને વખાણ મેળવવા ખાતર દુનિયામાં માણસો ઘણી ઉથલ પાથલ કરે છે અને તેમાં કાંઇ મોટી વાત ગણવી જોઇએ નહિં. પણ જો બીજાઓના ભલાને ખાતર તે થોડી ઘણી બી મહેનત લે એ ખરેખરી મહાભારત વાત છે. એવી રીતે બીજાઓનું ભલું કરવાને ખાતર માણસ પોતાના લાભને જેટલા પ્રમાણમાં ભુલી જઇ શકે તેટલા પ્રમાણમાં તેણે **પરમેશ્વરની ખરેખરી સેવા** કરેલી ગણાય. પરગજુ કાર્ય ગુપચુપ કરવાં, અને તેવાંજ કાર્યો ફક્ત જગતને બતલાવવા અર્થે કરવાં તથા જાહેર માન અને વખાણ મેળવવાની હોંસ રાખીને કરવાં, એ બેમાં ઘણો ફરક છે. જે માનવીને સેવા બજાવવાને તેના આત્માનો હુકમ થાય તે માનવી બહારના દેખાવ, યા માન, યા વખાણની ઈચ્છા વગર પોતાને જેમ ખરૂં સુઝે તેમ કાર્ય કર્યે જશે.

લખો : **ભગિની સમાજનાં મંત્રીને** ગિરગામ, **મુંબઈ.**

ભ. સ. પત્રિકામાળા. નં. ૧૦૬—૭.

કન્યા ?

એક વિચારવા જોગ પ્રશ્ન

કિંમત. ૦—૧—૦

લેખિકા:

શ્રી. તારા બ્હેન મોડક બી. એ.

ભ. સ. પત્રિકામાળા. નં. ૧૦૮.

પત્ની અને પતિ

અંધકારમાંથી પ્રકાશમાં

એક આત્મકથા.

કિંમત એક આનો.

લેખક: દમ્પતી.

મુદ્રક—અમૃતલાલ દલપતભાઈ શેઠ, સૌરાષ્ટ્ર મુદ્રણાલય
રાણપુર—બી. એસ. રેલ્વે. (કાઠિયાવાડ)

પ્રકાશક—કરશનદાસ જ. ચીતલીયા, સેક્રેટરી ભગિની સમાજ,
સેંડહર્સ્ટ રોડ, ગીરગામ, મુંબઇ.